ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ધોરણ-૧માં પ્રવેશપાત્ર બાળકો જિલ્લાના ચારેય તાલુકામાંથી માત્ર ૧૧૮૦ જ મળી આવ્યા

હવે, ૬ વર્ષથી નીચેના બાળકોને શિશુવાટિકામાં પ્રવેશ અપાશે, શિશુવાટિકામાં પ્રવેશપાત્ર બાળકો ૧૦ હજારથી વધુ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આ વખતે ધો. ૧ માં પ્રવેશપાત્ર બાળકો ૧૧૮૦ મળી આવ્યા છે. જે પૈકી ૧૫ બાળકો વિકલાંગ છે.

જિલ્લામાં નવી શિક્ષણનીતિ અનુસાર ૬ વર્ષે જ બાળકોને ધો. ૧ માં પ્રવેશ આપવાનો હોવાથી જિલ્લામાં ઓછા બાળકો મળ્યા છે. જેમને ૬ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા આની અસરો જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધો. ૧ ના વર્ગો પર જોવા મળશે.

જો કે શિક્ષણ વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે કે પ્રા. શાળામાં ધો. ૧ પહેલાં શિશુવાટિકાનું શિક્ષણ આપવામાં આવશે. આ માટે જિલ્લામાં શિશુવાટિકાઓ ખોલવાનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યુ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો જિલ્લામાં શિશુવાટિકામાં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૦ હજાર કરતા વધુ છે અને તેથી શિક્ષકો ફાજલ નહિ પડે તેમજ તેઓ બાળકોને શિશુવાટિકામાં શિક્ષણ આપવાનું કાર્ય સંભાળશે.

જિલ્લામાં નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ થઈ ગયુ છે.

રાજ્ય સરકારે ૧૨, ૧૩, ૧૪ જૂનના રોજ શાળા પ્રવેશોત્સવ યોજવાની જાહેરાત કરી છે જે ઉલ્લેખનીય છે.

જિલ્લા શિક્ષણના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ૯૭ કુમાર અને ૮૧ કન્યા મળી કુલ ૧૭૮ બાળકો ધો. ૧ માં પ્રવેશપાત્ર મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં ૩૨૮ કુમાર અને ૩૦૦ થી વધુ કન્યા મળી ૬૩૦ જેટલા બાળકો મળી આવ્યા છે. કલોલમાં ૧૩૫ કુમાર અને ૧૨૨ કન્યા મળી કુલ ૨૫૭ બાળકો મળી આવ્યા છે. જ્યારે માણસા તાલુકામાં ૬૦ કુમાર અને ૫૬ કન્યા મળી કુલ ૧૧૬ બાળકો તંત્રના સર્વે દરમ્યાન મળી આવ્યા છે.

આ સંખ્યામાં થોડો ઘણો વધારો થવાના સંકેતો પણ છે. કારણ કે હાલ વેકેશન ચાલે છે અને બાળકો માતા સાથે મોસાળમાં અથવા વાલીઓ સાથે બહાર ગયા હોય તો તે પ્રવેશપાત્ર હશે તો તેમને પ્રવેશ આપવામાં આવશે.

૧લી જૂનથી શાળાઓનું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યુ છે એટલે નવા શૈક્ષણિક સત્રારંભે જ તંત્ર દ્વારા શિશુવાટિકાઓ શરૂ કરવાની કામગીરી હાલ શરૂ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં જે બાળકો પ્રવેશપાત્ર મળ્યા છે તેમાં ૧૧૯ જેટલા બાળકો બી.પી.એલ. પરિવારના હોવાનું જાણવા મળેલ છે. જ્યારે ૨૨ જેટલા બાળકોનું પુનઃ નામાંકન ધો. ૧ માં કરવામાં આવનાર છે.

શિશુવાટિકામાં પ્રવેશ માટે જે ૧૦ હજારથી વધુ બાળકો મળ્યા છે તેમાં ૫૪૬૭ કુમાર અને ૫૩૨૯ કન્યાઓનો સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે. સૌથી વધુ આવા બાળકો દહેગામમાં મળ્યા છે. આ પછી ગાંધીનગર, કલોલ અને માણસામાં મળ્યા છે.

મુખ્યમંત્રીના પીઆરઓ ઉદય વૈષ્ણવના પુત્ર વશિષ્ઠ વૈષ્ણવનું અકસ્માતમાં અવસાન

ગાંધીનગર આવતાં કરજણ હાઇવે દેથાણ પાસે અકસ્માતમાં સ્થળ પર જ નિધન : ત્રણ યુવાનો પૈકી અન્ય બે પણ ઇજાગ્રસ્ત : યુવા પુત્રના અચાનક અવસાનથી પરિવાર પર વિજળી તુટી પડી : મુખ્યમંત્રીએ શોક વ્યક્ત કર્યો

ત્રણ મિત્રો કારમાં ભરૂચથી ગાંધીનગર જવા નીકળ્યા હતા : રસ્તામાં કાર રોકીને ત્રણેય જણા બહાર ઉભા હતા, પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા વાહને ટક્કર મારી દીધી

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી કાર્યાલયમાં જનસંપર્ક અધિકારી તરીકેની ફરજ બજાવતાં



ઉદયભાઇ વૈષ્ણવના યુવાન પુત્ર વશિષ્ઠ વૈષ્ણવનું યુવા વયે અકસ્માતમાં દુઃખદ અવસાન થતાં અરેરાટી પ્રસરવા પામી છે. ભરૂચથી ગાંધીનગર જવા માટે નીકળેલાં વશિષ્ઠ વૈષ્ણવનું વડોદરા જિલ્લાના કરજણના દેથાણ પાસે માર્ગ અકસ્માતમાં અવસાન થયું હતું. તેમના પાર્થિવ દેહના આજે સાંજે સે.૩૦માં મુક્તિધામ ખાતે અંતિમ સંસ્કાર કરાયાં હતા. ઉલ્લેખનીય છે કે તે અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ઉદયભાઇ વૈષ્ણવના નિવાસ સ્થાને સદગતના અંતિમ દર્શન કર્યા હતા અને પરિવારને સાંત્વના પાઠવી હતી. મુખ્યમંત્રીએ ટ્વિટ કરીને પણ શ્રદ્ધા સુમન પાઠવ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો અનુસાર પીઆરઓના ઉદયભાઇનો પુત્ર વશિષ્ઠ વૈષ્ણવ સહિત ત્રણ યુવાનો કાર લઇને ભરૂચથી ગાંધીનગર આવવા માટે નીકળ્યાં હતા. આ દરમ્યાન તેઓ વડોદરા પાસેના કરજણ તાલુકાના દેથાણ પાસે પહોંચતા લઘુશંકા માટે તેઓએ કાર હાઇવે પર ઉભી રાખી હતી. બરાબર આજ સમયે પુરપાટ આવી રહેલા અજાણ્યા વાહને તેમની કાર સહિત ત્રણેય યુવાનોને ટક્કર મારી હતી. જે પૈકી વશિષ્ઠ વૈષ્ણવનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ થવા પામ્યું હતું. જ્યારે અન્ય બે યુવાનો પણ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા.

યુવાન પુત્રના અકાળ અવસાનને પગલે પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો હતો. સ્વ.વશિષ્ઠ વૈષ્ણવના મૃતદેહનું અકસ્માત બાદ કરજણ સરકારી દવાખાનામાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું અને રાત્રે જ મૃતદેહ પરિવારને સોંપી દેવામાં આવ્યો હતો. આજે સાંજે સ્વ.વશિષ્ઠની અંતિમ યાત્રા તેમના નિવાસસ્થાનેથી નીકળી સે.૩૦ના મુક્તિધામ ખાતે પંહોચી હતી જ્યાં તેમના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર કરાયાં હતાં.

અંતિમયાત્રામાં પરિવારજનો ઉપરાંત ગાંધીનગર કલ્ચરલ ફોરમ, નાગર પરિવાર, માહિતી કર્મચારી મંડળ અને સ્વીમીંગ એસોસીએશનના હોદ્દેદારો અને અગ્રણીઓ અને કાર્યકરો, પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી મહેન્દ્ર ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં સગા, સંબંધી અને મિત્રો જોડાયા હતા.

આઉપરાંત ગાંધીનગર અને ગુજરાતના પત્રકારોએ પણ મુક્તિધામ અંતિમ ખાતે સદગતને અંજલિ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ચાર વર્ષ પૂર્વે વશિષ્ઠને માર્ગ અકસ્માત નડ્યો હતો, પરંતુ ઘનિષ્ઠ સારવાર બાદ સ્વસ્થ થઈ ભરૂચ ખાતે રિલાયન્સ કંપનીમાં જોડાયો હતો. રવિવારની રજાની પૂર્વ સંધ્યાએ માતા-પિતાની મળવા માટે ગાંધીનગર આવી રહેલ વશિષ્ઠને કાળ ભરખી જશે એવી કલ્પનાએ સૌને હચમાચાવી દીધા છે. પરંતુ નિયતિ સમક્ષ માનવ માત્ર લાચાર છે.

ઉદય વૈષ્ણવ અને પરિવાર પર આવી પડેલ આઘાતજનક પરસ્થિતિનો સામનો કરવા પરમ તત્વ શક્તિ આપે એવી પ્રાર્થના સૌ ઉપસ્થિત સાથીઓએ કરી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના દેથાણ પાસે નેશનલ હાઇવે પર કારને અજાણ્યા વાહને ટક્કર મારતા CMના PROના પુત્ર વશિષ્ઠ વૈષ્ણવનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આમ તો રાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવતું નથી. પરંતુ સીએમનાઁઈના પુત્રનું મૃત્યુ થયું હોવાથી રાત્રે જ પોસ્ટમોર્ટમ કરીને પરિવારને મૃતદેહ સોંપી દેવાયો હતો. ત્યારબાદ વશિષ્ઠના મૃતદેહને અને અકસ્માતમા ઈજા પામેલા બે લોકોને સારવાર માટે ગાંધીનગર લઈ જવામાં આવ્યા હતા.

સદ્ગતનું બેસણું તા ૨૫મી મેને ગુરૂવારે સાંજે ૫-૦૦ થી ૭-૦૦ દરમિયાન ઉમિયાભવન, સેક્ટર-૧૨ ખાતે રાખેલ છે.

મહાત્મા મંદિરે મેટ્રો સ્ટેશનના બાંધકામને લઈ

ખ-રોડ પરનો કેટલોક વિસ્તાર વાહન-વ્યવહાર માટે બંધ કરાયો

નવ મહિના સુધી આ વિસ્તાર વાહન-વ્યવહાર માટે પ્રતિબંધિત રહેશે : શહેરમાં ત્રીજા માર્ગનો વિસ્તાર પ્રતિબંધિત થયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં મેટ્રોરેલના ચાલી રહેલા ધમધોકાર કામને લઈ હવે ખ રોડ પણ નવ માસ માટે સે. ૧૪/૧૫ ના કટથી સે. ૧૪/૧૫ ના મહાત્મા મંદિરના ખૂણા સુધીનો બન્ને તરફનો રસ્તો બંધ કરવામાં આવ્યો છે.

૧લી મે થી આ રસ્તો બંધ કરવામાં આવ્યો છે. મહાત્મા મંદિર પાસે મેટ્રોનું રેલ્વેસ્ટેશન નિર્માણ કરવામાં આવનાર હોવાથી આ માર્ગ બંધ કરવામાં આવ્યો છે.

શહેરમાં હાલ ચ-રોડ પર સે. ૧/૨ થી ચ-૩ સુધીનો માર્ગ બંધ કરાયેલો છે. આ પછી છ-રોડ બંધ કરવામાં આવ્યો છે. હવે ખ-રોડના આ વિસ્તારને બંધ કરવામાં આવતાં લોકોની હાલાકીમાં વધારો થયો છે પણ જે ગતિએ કામ ચાલી રહ્યુ છે તેને લઈ લોકો ઝડપથી આ માર્ગો ચાલુ થઈ જશે તેવો વિશ્વાસ ધરાવે છે.

ગાંધીનગરમાં ખ-રોડના આ વિસ્તારને વાહન-વ્યવહાર મોટ પ્રતિબંધિત કરતુ જાહેરનામુ કલેક્ટર કચેરી દ્વારા જારી કરી દેવામાં આવ્યુ છે અને તેનુ અમલીકરણ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે.

મેટ્રોરેલ પ્રોજેક્ટનો કામગીરીને લઈ કેટલીકવાર કોઈપણ પ્રકારની જાણકારી આપ્યા સિવાય સેક્ટરોના પ્રવેશદ્વાર સમા પોઈંટ બંધ કરી દેવામાં આવતાં લોકોમાં કચવાટની લાગણી જરૂર જોવા મળે છે એટલુ જ નહિ આના કારણે જે સ્ટ્રીટલાઈટો બંધ થાય છે તેની વૈકલ્પિક વ્યવસ્થા અમલી ન થતાં રાત્રિના સમયે ભયનુ વાતાવરણ વધુ જોવા મળી રહ્યુ છે.

શહેરમાં મેટ્રોરેલની કામગીરી જે ગતિએ ચાલે છે તે જોતાં જાન્યુઆરી-૨૪ના મધ્યમાં ગાંધીનગર મેટ્રોથી કનેક્ટ થઈ જેશે તેમ માનવામાં આવી રહ્યુ છે.

ગાંધીનગરમાં ખ-રોડ, સે. ૧૪/૧૫ ના (ફતેપુરા) કટથી સે. ૧૪/૧૫ના મહાત્મા મંદિરના ખુણા સુધીનો બન્ને રોડ બંધ રહેશે.

સે. ૧૪/૧૫ ના કટથી ફતેપુરા થઈ ગ-રોડ પર આવી સે. ૧૫ સાયન્સ કોલેજના ખૂણાથી સેન્ટ્રલ

● અનુસંધાન પાન-૭ પર

વાવોલ પાસે ઓવરબ્રિજ તૈયાર કરવા જમીન સંપાદનની કામગીરી હાથ ધરાઈ

ઉવારસદના ૨૭ સર્વે નંબરની જમીન સંપાદન કરવાની પ્રક્રીયા શરૂ : જમીન સંપાદન અધિકારીની નિમણુંક કરવામાં આવી

ગાંધીનગર તા ૨૧

ફાટક મુકત ગુજરાત બનાવાની વાતો વચ્ચે ગાંધીનગર જિલ્લામાં પણ વિવિધ ઠેકાણે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. વાવાલ પાસે સ્થિત રેલવે ફાટક પર લાંબા સમયથી ઓવરબ્રિજ બનાવવા માટે રજુઆતો થાય છે. જો કે જમીનના મામલે પણ ઉવારસદના ગામના ૨૭ સર્વે નંબરની જમીન સંપાદન કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જો કે જમીન સંપાદનની કામગીરી પુરી નહીં થાય ત્યાં સુધી કોઇ કામ આગળ વધશે નહીં ત્યારે ફાટક મુકત ગુજરાત અન્વયે ગાંધીનગર જિલ્લામાં કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે.

ફાટક મુકત ગુજરાતના અભિયાન અન્વયે રેલવે ફાટક પર ઓવરબ્રિજ તૈયાર કરવાની યોજના હાથ ધરવામાં આવી છે. જો કે ગાંધીનગર વિસ્તારમાં પણ સ્થિત ફાટકને અનુલક્ષી હજુ આ કામગીરીમાં ગતિ અવી નથી. ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાં પણ રેલવે ફાટક વિસ્તારમાં ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી કરવામાં આવેલી દરખાસ્તના અંતે ઉવારસદ ગામના ૨૭ સર્વે નંબરની જમીન સંપાદન કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરના વિવિધ રેલવે ફાટક પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. ફાટક મુકત ગુજરાત અન્વયે ગુજરાત સરકાર અને રેલવે મંત્રાલય દ્વારા ૧૩ નંબરના ફાટક પર રેલવે ફાટક પર બ્રિજ તૈયાર કરવાનુ આયોજન

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર ડેપોની આવક ૨૧.૪૭ કરોડ : ગત વર્ષ કરતા ૫ કરોડનો વધારો

ગત વર્ષ દરમિયાન ડેપોએ રૂ ૧૬.૨૩ કરોડની આવક કરી હતી : શહેરી બસ સેવા, લગ્નવર્ધિ, વધારાની બસ સેવા , મુસાફર અને વિદ્યાર્થી પાસ યોજના સહીતનો સમાવેશ : આવકની સામે મુસાફરલક્ષી સુવિધા અને સલામતીનો હજુ પણ અભાવ

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર ડેપોએ છેલ્લા બે વર્ષમાં ૩૭ કરોડથી વધુ આવક કરી છે. જ્યારે કોરોના કાળ બાદ એસ ટી ડેપોની આવકમાં સતત વધારો થયો છે ગત વર્ષ કરતા ડેપોએ આ વર્ષ દરમિયાન રૂ ૫ કરોડની આવક વધુ કરી છે. જેમાં શહેરી બસ સેવા ઉપરાંત લગ્નવર્ધિ, મુસાફર અને વિદ્યાર્થી પાસ યોજના સહીત વધારાની બસ સેવાનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીની કોઈ વ્યવસ્થા નથી ગમે ત્યારે બહારથી આવેલા મુલાકાતીઓના ખિસ્સા કપાઈ જાય છે. જાણભેદુ ગઠીયાઓ બસમાં ચઢતા મુસાફરાનો ખિસ્સામાં હાથફેરો કરી લેતા મોબાઈલ તેમજ પાકીટની આંખના પલકારમાં ઉઠાંતરી થઈ જાય છે. ડેપોમાં રોજબરોજ આવા કિસ્સાઓ બને છે. જેના લીધે ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ છેલ્લા દોઢ દાયકાથી રજુઆત કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી કાંઈ થયુ નથી ડેપો કક્ષાએથી ગેટ નં - ૨ પાસે પોલીસ ચોકી માટે જગ્યા પણ ફાળવી દેવામાં આવી છે. આમછતા ડેપોમાં પોલીસ પહેરો ગોઠવાતો નથી. એકબાજુ મુસાફરોના ખિસ્સા ખાલી થાય છે બીજીતરફ ડેપોની આવક વધી રહી છે. અલબત્ત ડેપોમાં મુસાફરી કરતા નાગરિકોની સંખ્યા વિશેષ છે. સલામત સવારીમાં ટ્રાફિક વધુ જોવા મળે છે. જેમાં ડેપો કક્ષાએથી વેકેશન તેમજ ધાર્મિક તહેવારો, પરીક્ષા અને લગ્નવર્ધિ સહીતની બસ સેવાનુ પણ આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત મુસાફર પાસ તેમજ વિદ્યાર્થી પાસની યોજનાને પણ સારો પ્રતિસાદ મળતા ડેપોની આવક પણ વધી છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ડેપોએ ગત વર્ષ એપ્રિલ ૨૧ થી માર્ચ ૨૨ દરમિયાન રૂ ૧૬.૨૩ કરોડની આવક કરી હતી જયારે આ વર્ષે અલબત્ત વર્ષ ૨૦૨૨ એપ્રિલ થી માર્ચ ૨૦૨૩ દરમિયાન એક વર્ષમાં ડેપોએ રૂ ૨૧.૪૭ કરોડની આવક કરી છે. ગાંધીનગર ડેપોએ છેલ્લા બે વર્ષમાં અંદાજિત રૂ ૩૭.૬૦ કરોડથી વધુ આવક કરી છે. જયારે ગત વર્ષ કરતા ડેપોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. અગાઉ કોરોના કાળ દરમિયાન લાંબા સમય સુધી એસ ટી બસના પૈડા થંભી ગયા હતા જયારે ડેપોની આવકના નામે પણ મીંડુ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. જયારે કોરોના કાળના અંતે સલામત સવારીના પૈડા પુન : ટ્રેક પર દોડતા થતા ડેપોને નોંધપાત્ર આવક થઈ છે. ડેપોમાં હવે ઈલેકટ્રીક એ સી બસ સેવાનો પણ મુસાફરો ભરપુર લાભ લઈ રહ્યા છે. જયારે બહારગામના રૂટની બસ સેવાનો પણ વિશેષ ઉપયોગ થાય છે. એસ ટી ડેપો દ્વારા વિદ્યાર્થી

● અનુસંધાન પાન-૭ પર

વિકાસ પ્લાન હેઠળ નિયત કરાયેલા કામો અંગે સમીક્ષા બેઠક યોજાશે

શહેરી વિકાસ વિભાગ કક્ષાએથી કામગીરીની સમીક્ષા કરાશે : ઝડપથી કામ પુર્ણ થાય તે માટે તાકીદ કરવામાં આવી

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના વિસ્તારમાં વિકાસ અને માળખાગત સુવિધાના કામો અન્વયે સમીક્ષા કરવામાં આવશે. જેમાં પાણી , ગટર અને સ્ટ્રીટ લાઈટ ઉપરાંત આવાસ યોજના સંબંધિત કામોમાં હાલ શુ સ્થિતિ છે. જેમાં કેટલા પુરા થયા તેમજ કેટલા વિબંબમાં છે તે બાબતો અંગે સમીક્ષા કરવામાં આવશે. શહેરી વિકાસ વિભાગ કક્ષાએથી પણ જાહેર માળખાકીય સુવિધાના કામો મામલે ઝડપ થાય તેમજ તંત્ર ગતિમાં આવે તે માટે પણ સુચના આપવામાં આવી છે.

આગામી વર્ષમાં લોકસભાની ચુંટણી યોજાવાની છે. ત્યારે પ્રજાલક્ષી કામોમાં ગતિ આવે તેવો અભિગમ વધુ મજબુત બન્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના માર્ગદર્શન હેઠળ હાલના વિસ્તારમાં ડેવલપમેન્ટ પ્લાનને ધ્યાનમાં રાખીને લાંબા સમયગાળાને અનુલક્ષી માળખાકીય સુવિધા ઉભી કરવાનુ આયોજન કરાયુ છે. જયારે આ અન્વયે ખાસ કરીને પીવાના પાણી ઉપરાંત રસ્તા , સ્ટ્રીટ લાઈટ , વરસાદી પાણીના નિકાલ, સ્ટ્રીટ લાઈટ તેમજ આવાસોની યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજયમાં શહેરી વિકાસ સત્તા મંડળો કક્ષાએથી તૈયાર કરવામાં આવતી ટાઉન પ્લાનીંગ સ્કીમોને પણ મંજુરી આપવામાં ઝડપ કરવામાં આવી રહી છે. જયારે અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની પણ ઝડપભેર માળખાકીય સુવિધા ઉભી કરવા માટે જવાબદારી નક્કી કરવામાં આવી છે. આ સ્થિતિ વચ્ચે ટાઉન પ્લાનીંગ સ્કીમ અન્વયે હાથ ધરાયેલી કામગીરી સંદર્ભે કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. શહેરી વિકાસ વિભાગ કક્ષાએથી કામોનો હીસાબ માંગવામાં આવશે. જયારે આ વિસ્તારમાં કઈ યોજનાઓ અન્વયે કામ થશે કેટલા કામ થયા છે કેટલા બાકી છે. વિલંબમાં કેટલા છે. જયારે નિયત સમયના અંતે કેટલા કામો પુર્ણ થયા નથી આ સઘળી બાબતે સમીક્ષા બેઠક યોજવામાં આવશે. જયારે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ વર્ગના નાગરિકો માટે આવાસ યોજનાનુ પણ કામ હાથ ધરવામાં આવે છે. જયારે અગાઉ કોરોના કાળમાં પણ આ કામગીરી ઠપ્પ થઈ ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. જયારે ગુડા વિસ્તારમાં પણ વિવિધ નગર રચનાની યોજનાને અનુલક્ષી ડેવલપમેન્ટ પ્લાન મુજબની સુવિધાઓને અનુલક્ષી ઝડપથી કામગીરી થાય તે માટે પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરની ૯૧૭ મી રામકથા "માનસ- આચાર્ય "સુપેરે સંપન્ન

ગુજરાત રાજ્ય શિક્ષક સંઘ અને નિજાનંદ ગ્રુપનું સફળ આયોજન

ગાંધીનગર

ગાંધીનગરના ગિફ્ટ સિટી પાસે આવેલાં વલાદ ગામના નિજાનંદ ફાર્મ ખાતે પૂ. મોરારીબાપુના વ્યાસાસને ગવાઈ રહેલી" માનસ - આચાર્ય"રામકથા આજે નવમાં દિવસે સુપેરે સંપન્ન થઈ ગઈ.

કથાના પ્રારંભમાં યજમાન પરિવારના શ્રી ડાયાભાઈ ભરવાડ અને તેમના પુત્ર કિશનભાઈ ભરવાડે આ જબ્બર આયોજનમાં સહકાર આપનાર સૌનો આભાર પ્રગટ કર્યો હતો. પૂજ્ય મોરારીબાપુનો પણ તો કે આભાર માન્યો હતો કે આવા ધર્મ કાર્ય માટે પોતાને નિમિત્ત બનાવ્યા. વધું એક કથાની પણ તેઓએ માંગ કરી હતી.સંઘના પ્રમુખ શ્રી દિગ્વિજયસિંહ જાડેજા એ કહ્યું કે આ આયોજનને સફળ બનાવવા માટે ગુજરાતભરના શિક્ષકોએ જે રીતે તન મન ધનથી સહકાર આપ્યો છે, તેને તેઓ ભૂલી શકશે નહીં. રાજ્યભરના હોદ્દેદારોએ તથા જિલ્લા- તાલુકાના હોદ્દેદારોએ જે સેવા બજાવી છે તે પણ અવર્ણનીય છે. અમે બધાં જ હોદ્દેદારો સંકલ્પ કરીએ છીએ કે આ કથાના ભાગરૂપે પોત પોતાની રીતે બધાં વ્યક્તિઓને વ્યસન મુક્ત કરીશું. ૨૦૨૩ -૨૪ નું વર્ષ સમગ્ર ગુજરાતમાં પર્યાવરણ વર્ષ ઉજવીને વૃક્ષારોપણ અને તેના સંવર્ધન માટે કામ કરીશું. ગરીબ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે અમારી સેવા સદા તત્પર રહેશે.

પૂ. મોરારીબાપુએ ગુરુકૃપા પોતાને જે કંઈ બોલાવે તે પ્રમાણે તે મુજબ શિક્ષકો સાથે સંવાદ કરવાનો અવસર મળ્યો તેનો રાજીપો પ્રગટ કરી. અયોધ્યા કાંડ પછીની લંકા કાંડ સુધીના કથાક્રમને પૂરો કર્યો હતો.

શિક્ષક સંઘના તમામ હોદ્દેદારો કાર્યકર્તાઓ અને સ્વયંસેવકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.બીજી તરફશ્રી ડાયાભાઈ અને તેમના પરિવાર દ્વારા પણ તેમનાં આયોજનમાં સહકાર આપનાર આસપાસનાં લોકોનું પણ વિશેષ સન્માન થયું હતું.

પુ.મોરારીબાપુની ૯૧૮ મી કથા હવે પછી બેલુર મઠ, કોલકત્તા ખાતે તારીખ ૩ જુન થી૧૧ સુધી યોજાશે.

રાજ્યમાં આગામી ૫ દિવસ સુધી વાતાવરણ સૂકું રહશે

હવામાન વિભાગે કરી ગરમી-માવઠાં અંગે આગાહી : ચાર દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ રહેશે પરંતુ વરસાદ થવાની કોઈ સંભાવના ના હોવાનું હવામાન વિભાગે જણાવ્યું

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં આગામી ૪૮ કલાક રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહશે. તો અમદાવાદમાં ૪ દિવસ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ૨૪ મે બાદ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો ઘટાડો નોંધાશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે. ૩ દિવસ બાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અસરથી તાપમાન ઘટશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં ભેજ વધતો હોવાથી તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી આસપાસ રહેશે.

બંગાળની ખાડી કે અરબી સમુદ્રમાં સિસ્ટમ બને તો તેની અસર ગુજરાતના વાતાવરણ પર થતી હોય છે. પરંતુ હવામાન વિભાગે આગામી ૪ દિવસ રાજ્યનું હવામા સૂકું રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે. રાજ્યમાં ૪ દિવસ કાળઝાળ ગરમીની આગાહી કરતા ફરી અમદાવાદીઓ કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠશે. અમદાવાદમાં ૪૩ ડિગ્રીની ગરમી સાથે ઓરેન્જ અલર્ટ અપાયું છે. પશ્ચિમ તરફથી પવન ફૂંકાતાં તાપમાનમાં ફેરફાર થઈ રહ્યો છે.

હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, રાજ્યમાં આગામી ૫ દિવસ કાળઝાળ ગરમી પડશે. ૫ દિવસ સૂકા વાતાવરણ સાથે ગરમી રહેશે. અમદાવાદમાં આજે ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે. જેના કારણે ગરમીનો પારો આજે ૪૩

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com